Y5Z5E2

1 मम अङ्गानि



स्वाध्यायः

S6W2W6

1. નીચેનાં ચિત્રોની સામે સંસ્કૃતમાં શબ્દો લખો :















2. અહીં વિવિધ અંગોનાં નામ આપ્યાં છે. તેને નીચે આપેલા ત્રણ વિભાગોમાં વર્ગીકરણ કરો અને શુદ્ધ ઉચ્ચારણ સાથે બોલો :

અંગોનાં નામ : दन्ताः, ओष्ठ, करः, नेत्रम्, वक्षः, मुखम्, उदरम्, नासिका, चरणः, जिह्वा

મસ્તકનાં અંગો	ધડનાં અંગો	હાથ-પગનાં અંગો

પ્રવૃત્તિ :

- મનુષ્યનાં અંગોની પઝલ તૈયાર મળે છે. તે અંગો પર સંસ્કૃતમાં નામ લખી તેને જોડવાની પ્રવૃત્તિ કરો.
- પક્ષી-પ્રાણીનાં અંગોનો પરિચય ચિત્રો કે મોડેલ દ્વારા કરો.
- **રમત :** બધા વિદ્યાર્થીઓ બંને હાથ સામેની બાજુએ ગોળ ગોળ ફેરવશે. શિક્ષક પણ તેની સાથે હાથ ફેરવશે અને મુખેથી ક...ર...ર... અવાજ કરશે. ત્યાર બાદ શિક્ષક કોઈક અંગનું નામ બોલશે અને તેના પર બંને હાથ મૂકશે. શિક્ષક જણાવશે ''તમારે સૌએ મારી સામે જોવાનું છે. હું કહું તેમ કરવાનું છે પણ હું કરું તેમ નહિ.''

આમ કહી શિક્ષક ક... ર.... ર... मुखम् ક... ર... ર... उदरम् વગેરે બોલશે અને ત્યાં બંને હાથ મૂકશે. શરૂઆતમાં જે નામ બોલશે ત્યાં હાથ મૂકશે. પછી તે બોલશે मुखम् પણ હાથ મૂકશે उदरम् પર. આથી જોવામાં તલ્લીન થઈ ગયેલા વિદ્યાર્થીઓ ભૂલ કરશે. ભૂલ કરનારને સ્પર્ધામાંથી દૂર કરતા રહેવાના. અંતે જે જીતે તે 'ભારતમાતાકી જય' બોલાવશે. શિક્ષકના સ્થાને કોઈ બાળક નેતા બની રમત રમાડે.